# ચિરાગે હિદાયત



## હજ

હજની એક હકીકત છે જેને સમજ્યા વગર હજના નામ પર અને હજના સ્વરૂપમાં અંજામ પામેલી વસ્તુ એ તે સિવાય કંઇ નથી કે વગર કારણે રૂપિયા ખર્ચ કરવામાં આવે અને પ્રવાસની તકલીફો પણ ઉપાડવામાં આવે. અહીં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે હજના મનાસિકની ખરી હકીકતો કોણ જાણે છે?

**''અહલેબયતે અદરા બેમા ફીલ બયત - ઘરવાળાઓજ ઘરની વાત સારી રીતે જાણે છે.''**

નિસંશય તે વિભૂતિ જે ખુદ વલીઉલ્લાહ છે અથવા તેને વિલાયતનો કંઈ હિસ્સો પ્રાપ્ત થયેલ છે, અવલિયા-એ-અલ્લાહમાંથી હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.) એ હજની હકીકતના સંબંધમાં સંપૂર્ણ વાત કહી છે. જેમાંથી અમુક બાબતોનો અમે અહીં ઝિક્ર કરીએ છીએ.

** મિકાતમાં પહોંચતી વખતે અને સીવેલા વસ્ત્રો ઉતારતી વખતે :*

તે સમયે જયારે ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.) હજથી પાછા આવી રહ્યા હતા કે શીબ્લી (નામી એક પ્રખ્યાત સુફી) ઈમામ(અ.સ.)ની તરફ આગળ વધ્યા. ઈમામ(અ.સ.)એ એમને પૂછ્યું 'શીબ્લી, શું તમે હજ અદા કરી ?' એમણે જવાબ આપ્યો, 'જી હા! અય ફરઝંદે રસૂલ.' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું, શું તમે મિકાતમાં ઉતર્યા અને પરિધાન કરેલા સીવેલા કપડાઓને ઉતારીને ગુસ્લ કર્યુ ? જવાબ દીધો, 'હા'.

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું, 'મિકાતમાં પહોંચતી વખતે આ વાતની નિય્યત હતી કે ગુનાહના ઓઢેલા પોશાકને ઉતારી તાબેદારીનો લિબાસ પહેર્યો?' કહ્યું, 'નહિ'. ફરમાવ્યું 'પોતાના સીવેલા વસ્ત્રો ઉતારતી વખતે તમે નિય્યત કરી હતી કે પોતાને (પોતાના આત્માને) ધોઈને ખતાઓ અને ગુનાહોથી પવિત્ર કરી રહ્યા છો?' કહ્યું, 'નહિ'.

ફરમાવ્યું 'આ કારણે તમે ન તો મિકાતમાં ઉતર્યા છો, ન પોતાના સીવેલા વસ્ત્રોથી આઝાદ થયા છો અને ન તો તમે ગુસ્લ કર્યુ છે.'

** એહરામ પહેરતી વખતે અને હજનો અહદ કરતી વખતેઃ*

ત્યારપછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું, 'શું તમે સફાઈ કરી, એહરામ પહેર્યુ અને

હજનો અહદ કર્યો ?' કહ્યું, 'હા'. ફરમાવ્યું, 'શું સ્વચ્છતા કરવામાં, એહરામ પહેરવામાં અને હજનો અહદ કરતી વખતે તમારી આ નિય્યત હતી કે પોતાના ખુદાવંદા માટે નિર્મળ તૌબાની દુઆ થકી પોતાને (ગુનાહોથી) પવિત્ર કરી રહ્યા છો?' કહ્યું, 'નહિ'. ફરમાવ્યું 'શું મોહરિમ બનતી વખતે (એહરામ પહેરતી વખતે) તમારી આ નિય્યત હતી કે દરેક એ વસ્તુ જેને અલ્લાહ તઆલાએ હરામ ઠરાવેલ છે પોતાના ઉપર હરામ કરો ?' કહ્યું, 'નહિ'.

ફરમાવ્યું, 'શું હજનો અહદ કરતી વખતે તમે એ નિય્યત કરી હતી કે પ્રત્યેક ગૈરે ખુદાના કરારનો ત્યાગ કરી રહ્યા છો ?' કહ્યું, 'નહિ'. ફરમાવ્યું, 'તો આ કારણે તમે ન તો સફાઈ કરી, ન મોહરિમ બન્યા ન તમે હજનો અહદ કર્યો છે.'

** મિકાતમાં દાખલ થતી વખતે, બે રકાત નમાઝ પઢતી વખતે અને તલ્બીયા કહેતી વખતેઃ*

ત્યારબાદ ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું, 'શું તમે મિકાતમાં દાખલ થઈને બે રકાત નમાઝે એહરામ અદા કરી અને લબ્બૈક કહી ?' કહ્યું, 'હા'. ફરમાવ્યું, 'શું મિકાતમાં દાખલ થતી વખતે તમારી એ નિય્યત હતી કે ઝિયારત માટે ત્યાં દાખલ થયા છો?' કહ્યું, 'નહિ'. ફરમાવ્યું, 'શું બે રકાત નમાઝ પઢતી વખતે તમારી આ નિય્યત હતી કે શ્રેષ્ઠ આમાલ અને બંદાઓની ઉત્તમ નેકીના કારણે જે નમાઝ છે તેના થકી અલ્લાહની નઝદીક જઈ રહ્યા છો?' કહ્યું, 'નહિ'.

ફરમાવ્યું, 'શું લબ્બૈક બોલતી વખતે તમારી આ નિય્યત હતી કે દરેક મસઅલામાં અલ્લાહની તાબેદારીના વાયદા મુજબ વાતચીત કરશો તથા પ્રત્યેક ગુનાહોથી દૂર રહેશો અને મૌન ધારણ કરશો?' કહ્યું, 'નહિ'. ફરમાવ્યું, 'તો પછી ન તો તમે મિકાતમાં પ્રવેશ્યા, ન તો તમે નમાઝ પઢી અને ન તમે 'લબ્બૈક' કહ્યું'.

** હરમમાં દાખલ થતી વખતે અને નમાઝ પઢતી વખતેઃ*

ત્યારપછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું 'અય શીબ્લી! શું તમે હરમમાં પ્રવેશ્યા, કાબાને જોયો અને નમાઝ પઢી?' કહ્યું, 'હા'. ફરમાવ્યું 'શું હરમમાં પ્રવેશતી વખતે તમારી આ નિય્યત હતી કે દરેક એ નિંદા (ગીબત)ને જે તમે ઈસ્લામી બંધારણ ધરાવતા મુસલમાનોના સિલસિલામાં કરી છે તેને તમારા ઉપર હરામ કરી રહ્યા છો?' કહ્યું, 'નહિ'. ફરમાવ્યું 'શું મક્કા પહોંચતી વખતે તમારી આ નિય્યત હતી કે આ

પ્રવાસથી તમારો મુળ ઉદ્દેશ માત્ર અલ્લાહ (નો રાજીપો મેળવવો) છે?' કહ્યું, 'નહિ'.

ફરમાવ્યું 'માટે ન તો તમે હરમમાં પ્રવેશ્યા, ન તમે કાબાને જોયું અને ન તો નમાઝ પઢી.' *(હજની હકીકત)*

આ ઉપરાંત ઈમામ(અ.સ.)એ હજના બીજા મનાસિકો શીબ્લીને જણાવ્યા. જે કિતાબ હજની હકીકત*માં મૌજૂદ છે.

## કબ્રની ઝિયારત

આમ તો અમુક લોકોએ ઈસ્લામના માનનારાઓને ઘણાં બધાં કુફ્ર અને શિર્કના ફતવા આપીને ઈસ્લામના દાયરાથી દૂર કરી નાખ્યા છે. જો કે આ વિચારધારાને પૈદા કરનાર ઈબ્ને તેઅમીયાએ કબ્રોની ઝિયારત બલ્કે કબ્રની નઝદીક જઈને દુઆ માંગવાને પણ બિદઅત કરાર દીધી છે. તે લોકોની સૌથી મોટી મુશ્કેલી આ છે કે તેમની માટે ખુદાની સિવાય બીજા કોઈને પણ પુકારવું કે વસીલો બનાવવું તે શિર્ક અને બુતપરસ્તી છે. જ્યારે કે મુસલમાન કોઈ વલી કે કોઈ નબીની કબ્ર પર જાય છે તો તેનું કારણ ફક્ત આ છે કે તે સાહેબે કબ્રને અલ્લાહની નઝદીક મોહતરમ અને સાહેબે ઈઝ્ઝત બંદા માને છે. કબ્રસ્તાનમાં નમાઝ પઢવાની કે દુઆ કરવાની કુરઆન અને સુન્નતમાં મનાઈ નથી. કુરઆન મજીદની જ ઘણી બધી આયતો આને જાએઝ ઠરાવનારી દલીલો છે.

**''અને તે સમયને યાદ રાખો કે જ્યારે અમે ખાનાએ કાબાને મકામે અમ્ન કરાર દીધું અને હુકમ કર્યો કે મકામે ઈબ્રાહીમને નમાઝ પઢવાની જગ્યા બનાવો અને અમે ઈબ્રાહીમ અને ઈસ્માઈલ ઉપર આ જવાબદારી સોંપી કે તમે બંને મારા ઘરને તવાફ, એઅતેકાફ, રૂકૂઅ અને સજદા કરનારાઓ માટે પાક રાખો.''** *–સૂ. બકરહ, આ. ૨૫*

આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ(સ.અ.વ.)ને હુકમ આપ્યો છે કે તે સ્થળ કે જ્યાં હઝરત ઈબ્રાહીમ(અ.સ.) હતા તે જગ્યાને પોતાની નમાઝ પઢવા માટે નમાઝની જગ્યા બનાવો. સ્પષ્ટ છે કે આ વાત બતાવવાનું કારણ ફક્ત આ છે કે તે મકામ અને જગ્યાની એહમીયત અલ્લાહ તઆલાની નઝરમાં ખુબજ બુલંદ અને આલા છે. તે જગ્યાની આટલી એહમીયત આ માટે છે કે આ હઝરત ઈબ્રાહીમ(અ.સ.)ની જગ્યા છે. માટે એક પયગંબરનું કોઈ એક જગ્યા પર હોવું તે

---

* કિતાબ હજની હકીકત અમારી વેબસાઈટ www.hajinaji.comમાંથી ડાઉનલોડ કરી શકો છો.

જગ્યાને બાઅઝમત અને બાફઝીલત બનાવી દે છે. હવે કબ્રની ઝિયારત બિદઅત ગણનારાઓને અમારો સવાલ આ છે કે અલ્લાહના આખરી રસૂલ(સ.અ.વ.) યકીનરૂપે હઝરત ઈબ્રાહીમ(અ.સ.)થી અફઝલ અને આલા છે અને અમે તે કબ્રની નઝદીક નમાઝ પઢીએ કે જેમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) આરામ ફરમાવી રહ્યા છે. તો શું તે જગ્યાની એટલી પણ એહમીયત નથી કે અમે તે જગ્યા પર નમાઝ ન પઢી શકીએ? શું આ કાર્ય શિર્ક છે? શું હઝરત ઈબ્રાહીમ(અ.સ.)થી મનસુબ જગ્યા અલ્લાહની નઝરમાં વધારે એહમીયત રાખે છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની જગ્યા?

આ બાબતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની આ હદીસ જોઈએ **"જેણે મારી કબ્રની ઝિયારત કરી તેની માટે મારી શફાઅત વાજિબ થઈ ગઈ."**

*- શિફાઉસ્સીકામ ફી ઝિયારતે ખૈરૂલ અનામ-૩*

## હજ કર્યા પછી નબી(સ.અ.વ.) અને અઈમ્માહ(અ.મુ.સ.)ની ઝિયારત

હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યું **"જ્યારે તમે હજ્જે બયતુલ્લાહ તરફ જવા નીકળો ત્યારે તમારી હજને રસૂલેખુદા(સ.અ.વ.)(ની ઝિયારત) દ્વારા સંપૂર્ણ કરો કેમકે તેને છોડી દેવું એ જફા છે અને એ બાબતનો તમને હુકમ આપવામાં આવ્યો છે. તમારી હજને (અઈમ્માએ માઅસુમીન અ.મુ.સ.ની) તેમની કબ્રો (ની ઝિયારત) થકી સંપૂર્ણ કરો. જેઓની ઝિયારત અને જેઓનો હક ખુદાએ તમારા માટે વાજિબ ગણ્યો છે. તમે તેમની પાસે જઈને (ખુદા પાસે) રોઝી માંગો."** *(બે.અન્વાર)*

ઈમામ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું **"ખુદાએ લોકોને હુકમ આપ્યો છે કે તેઓ હજ માટે (ખાનએ કાબાના) એ પત્થરોની પાસે આવી જાય અને તેની આજુ બાજુ તવાફ કરે. પછી તેઓ અમારી પાસે આવી જાય અને અમને તેમની વિલાયત બાબતની જાણ કરે અને અમને તેઓ તરફના રક્ષણની ખાતરી આપે."** *(બેહારૂલ અન્વાર)*

પરવરદિગારે આલમ! દરેક મોઅમીન અને મોઅમેનાતને હજ કરવાની તૌફીક ઈનાયત ફરમાવે અને કુબુરે માઅસુમીન(અ.મુ.સ.)ની ઝિયારતથી મુશર્રફ ફરમાવે અને આપણો દરેકનો શુમાર ઈમામ(અ.સ.)ના હકીકી નાસીરોમાં કરે.

---

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com